# ‘સ્નેહનાં સગપણ’ પ્રેક્ષકોની આંખો ભીંજવી ગયાં



## ગાંધીનગરના સ્વર્ગસ્થ કલાકાર પિનાકીન વાઘેલા (ડેની)ની સ્મૃતિમાં જી ઈ ક્લબ દ્વારા એસએસવી કેમ્પસમાં આયોજિત નાટ્યપ્રયોગ પ્રેક્ષકોએ મનભરીને માણ્યો : અદાકારોની અસરકારક અદાકારીએ રંગ રાખ્યો

ગાંધીનગર, તા. ૨૩

નગરના સ્વર્ગસ્થ કલાકાર પિનાકીન વાઘેલા (ડેની)ની સ્મૃતિમાં આયોજિત નાટ્યપ્રયોગ ‘સ્નેહનાં સગપણ’ પ્રેક્ષકોને હસાવવામાં ને રડાવવામાં પણ સફળ રહ્યો હતો.

ધ ગ્રેટ એન્ટરટેઈનર્સ ક્લબ (જી ઈ ક્લબ) દ્વારા એસએસવી કેમ્પસ, બ્લ્યૂ બબલ્સ એકેડેમી અને પ્લગ-ઈન્સ એન્ટરટેઈનમેન્ટના સહયોગથી આ નાટ્યપ્રયોગ એસએસવી કેમ્પસના ઓડિટોરિયમ ખાતે યોજવામાં આવ્યો હતો.

ટેમ્પલ કેરિયર ઈન્સ્ટીટ્યુટ નિર્મિત, નિશિથ નાયક પ્રસ્તુત, નવીન સિંગલ લિખિત અને શિવમ મેવાડા દિગ્દર્શિત આ સામાજિક નાટકમાં અક્ષય પટેલ, નિશિથ નાયક, અનુષ્કા દીઘે, શિવમ મેવાડા, હેલી પંચાલ, અમર કુબાવત, ખુશી સોની અને આશા સાધુએ અસરકારક અભિયન પ્રસ્તુત કરીને પ્રેક્ષકોનાં મન પર પકડ જમાવી હતી. તો સામે પક્ષે આ સુંદર નાટક પૂર્ણ થતાં પ્રેક્ષકોએ પણ તાળીઓ ને પ્રશંસાનાં ફૂલોથી કલાકારોને એવા તો વધાવી લીધા હતા કે તેમની આંખો પણ હર્ષાશ્રુથી ભરાઈ આવી હતી. આમ આ નાટ્યપ્રયોગ ઊભયપક્ષે લાગણીનું ઘોડાપૂર છલકાવી ગયો હતો.

કાર્યક્રમના પ્રારંભે સ્વર્ગસ્થ કલાકાર પિનાકીન રાવલની સ્મૃતિઓ અને કાર્યક્રમની ભૂમિકા જી ઈ ક્લબના પ્રમુખ કુંતલ નિમાવત દ્વારા આપવામાં આવી હતી. સ્વ. પિનાકીનનાં પત્ની પારૂલબેનના હસ્તે નિશિથ નાયક અને શિવમ મેવાડાને પુસ્તક અર્પણ કરીને તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

એ પછી બે કલાક સુધી ચાલેલા નાટકે પ્રેક્ષકોને ભરપૂર મનોરંજન કરાવ્યું હતું. કોમેડીથી શરૂ થયેલું નાટક પરાકાષ્ટાનાં દશ્યોમાં પ્રેક્ષકોની આંખોમાં પાણી લાવવામાં સફળ રહ્યું હતું.

આ નાટ્યપ્રયોગને માણવા ગાંધીનગર સાહિત્યસભાના પ્રમુખ નટવર હેડાઉ, સમાજસેવક રાજેશ ત્રિવેદી, ડૉ. હાર્દિક તલાટી, ડૉ. હેમલ ત્રિવેદી, નાટ્ય કલાકાર હિમાંશુ ભચેચ, દિવ્યકાન્ત વર્મા, દિલીપસિંહ ઝાલા, મૌલિક શ્રીમાળી, ફિલાટેલિસ્ટ કાંતિલાલ શર્મા અને મોટી સંખ્યામાં નાટ્યરસિક પ્રેક્ષકો ઉપસ્થિત રહ્યા હતા. ઉલ્લેખનીય છે કે અમદાવાદના પ્રેક્ષકોએ પણ શરૂઆતથી અંત સુધી ઉપસ્થિત રહીને આ મનોરંજક નાટકને માણ્યું હતું.

## સરકારી દવાખાનાંમાં સેવા ન આપનારા તબીબો સામે સરકારની લાલ આંખ

ગાંધીનગર, તા. ૨૩

રાજ્યની સરકારી મેડિકલ કોલેજોમાંથી એમબીબીએસનો અભ્યાસ પૂર્ણ કર્યા પછી ગ્રામ્ય વિસ્તારોનાં સરકારી દવાખાનાંમાં ત્રણ વર્ષ સેવા આપવાને બદલે છુમંતર થનારા ૨૪૩૬ ડોકટરો સામે આરોગ્ય વિભાગે નોટીસો જારી કરી છે. રાજ્યના ઈતિહાસમાં પહેલીવાર સરકારે આકરી કાર્યવાહી શરૂ કરતા ખળભળાટ મચી ગયો છે. ઈન્ટર્નશીપ સાથે એમબીબીએસનો અભ્યાસ પૂર્ણ કર્યા બાદ સરકારી આરોગ્ય સેવામાં ત્રણ વર્ષની ફરજ ફરજીયાત છે. તેના પેટે સરકાર દ્વારા રૂ. ૫,૦૦,૦૦૦ના બોન્ડ અર્થાત બેંક ગેરંટી અથવા મિલ્કતની ગેરંટીની બાહેંધરી લેવાય છે. આરોગ્ય વિભાગે જાહેર કરેલા રિપોર્ટ અનુસાર છેલ્લા પાંચ વર્ષમાં કુલ ૩૫૨૨ સ્નાતક થયેલા બોન્ડેડ વિદ્યાર્થીઓ પાસેથી રૂ. ૪૩ કરોડ ૧૧ લાખની વસૂલાત થઈ છે. જોકે ૨૪૩૬ વિદ્યાર્થીઓ (હવે ડોકટર) પાસેથી રૂ. ૨૬ કરોડ ૯૪ લાખ બોન્ડ પેટે લેવાના બાકી નીકળે છે. જેની વસૂલાત માટે સરકારે નોટીસ ઈશ્યુ કરી છે. બોન્ડની શરતોનો ભંગ કરનારા ડોકટરો આ રકમ સરકારમાં ભરપાઈ નહી કરે તો આરોગ્ય વિભાગ પોલીસ કેસથી લઈને બાંહેધરીમાં રજૂ કરેલી મિલકતો ટાંચમાં લેવાની કાર્યવાહી શરૂ કરશે. સરકારી મેડિકલ કોલેજો ગત વર્ષ સુધી રૂ. ૬૬૦૦ની વાર્ષિક ફીમાં તેજસ્વી વિદ્યાર્થીઓને તબીબી શિક્ષણ પુરું પાડતી હતી. જે વધીને રૂ. ૨૫૦૦૦ થઈ છે. પ્રાઈવેટ મેડિકલ કોલેજો એક ટર્મ માટે રૂ. ૮ લાખથી રૂ. ૧૦ લાખ સુધીની ફી વસુલે છે. સરકારની માલિકીની મેડિકલ કોલેજમાં તબીબી અભ્યાસ પાછળ પ્રજાના ટેકસના રૂ. ૨૦થી ૩૦ લાખ સુધીનો ખર્ચ થાય છે.

# રાજ્યમાં શિક્ષણનું સ્તર ઊંચું લાવવા કોલ સેન્ટરનો પ્રયોગ કરાશે

ગાંધીનગર, તા. ૨૩

રાજ્યમાં શિક્ષણનું સ્તર ઊંચુ લાવવા માટે શિક્ષણ વિભાગ દ્વારા આગામી જૂનના નવા સત્રથી શાળાઓ શરૂ થાય ત્યારે શિક્ષકો કેવું શિક્ષણ આપી રહ્યા છે તેની પર દેખરેખ રાખવા ‘કોલ સેન્ટર’નો એક અભિનવ પ્રયોગ શરૂ કરવામાં આવશે. ગાંધીનગરમાં આ માટે એક કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર બનાવવામાં આવ્યું છે જે રિઅલ ટાઈમ ટેકનોલોજી થકી ૧.૯૫ લાખ જેટલા સરકારી શાળાના શિક્ષકો ક્લાસમાં હાજર છે કે નહીં અને તે ભણાવી રહ્યા છે તેમાં કેટલી ગુણવત્તા છે તેની ઉપર સર્વેલન્સ દ્વારા નજર રાખશે. આ સમગ્ર કવાયતનો હેતુ શિક્ષણની ગુણવત્તા વધે તે માટેનો છે.

રાજયભરમાં આવેલી સરકારી શાળાઓના શિક્ષકો માટે આ કોલ સેન્ટર તેમની નિયમિતતા અને વિદ્યાર્થીઓને અપાઈ રહેલા શિક્ષણ ઉપર ધ્યાન રાખવા સમાન બની રહેશે. શિક્ષણ વિભાગના અગ્ર સચિવ વિનોદ રાવ અને અધિકારીઓ દ્વારા આ પ્રોજેકટને લઈને આશાવાદી છે. કોલ સેન્ટર માટે સર્વ શિક્ષા અભિયાન અને પ્રાથમિક શિક્ષણ કચેરીમાંથી ૫૦ જેટલા કર્મચારીઓની ફાળવણી કરી દેવામાં આવી છે. જે રોજ શિક્ષકોની કામગીરી ઉપર નજર રાખશે. શિક્ષણ વિભાગને સરકારી શાળાઓમાં ભણતા બાળકોના કથળતા જતા શૈક્ષણિક સ્તર અંગે મળેલા વિવિધ રિપોર્ટમાં શિક્ષકોની શાળામાં અનિયમિતતા-ગેરહાજરી અને ગંભીરતા નહીં હોવાનું તારણ નીકળ્યું હતું.

આ ‘થર્ડ આઈ’ સિસ્ટમ એવી છે કે ૧૦ જૂનથી શરૂ થઈ રહેલા સત્રથી ગાંધીનગર કોલ સેન્ટરના કંટ્રોલ રૂમથી શિક્ષકને એક સીધો ફોન આવશે જેને શિક્ષકો અવગણી નહીં શકે. આ ફોનનો જવાબ આપ્યા પછી તેમને ઢગલાબંધ પ્રશ્નો પૂછવામાં આવશે. જેમાં તેઓ કયા સ્થળે છે, આજે કલાસમાં શું ભણાવશે, જે ભણાવશે તે એસાઈમેન્ટ વિગેરે અંગે ૧૦ જેટલા પ્રશ્નો પૂછીને અનેક જાણકારી મંગાશે. શિક્ષકોના જવાબ કે એસાઈમેન્ટ પ્રમાણે પ્રશ્નો અલગ પણ પૂછાઈ શકશે. તેમાં સર્વ શિક્ષણ અભિયાનના જે હેતુઓ પૂર્ણ થાય છે કે નહીં તે પણ જોવાશે. જો કોઈ શિક્ષક રજા ઉપર છે તો કેટલા દિવસ માટે રજા ઉપર છે અને તે રજા કોના દ્વારા મંજૂર કરાઈ છે તેની પણ માહિતી કોલ સેન્ટર દ્વારા લેવામાં આવશે.

શિક્ષકથી ઉપરના મુખ્ય શિક્ષક કે આચાર્ય ઉપર પણ તેવી જ રીતે કોલ સેન્ટરની નજર રહેશે. તેમને એક જીપીએસ સુવિધાથી સજ્જ ટેબલેટ અપાશે. જો તેઓ શાળામાં એન્ટર થશે કે ગમે ત્યારે છોડશે તો તેની જાણકારી પણ તે જ સમયે કોલ સેન્ટરમાં એલર્ટથી મળી શકશે. શિક્ષકોની કામગીરી ઉપર નજર રાખવા અને તેઓ તેમની જવાબદારી સુચારૂ રીતે નિભાવી રહ્યા છે કે નહીં તેની જાણકારી આ સમગ્ર પ્રોજેક્ટ થકી મળી શકશે. કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટરમાં જે કર્મચારીઓ કોલ સેન્ટર થકી શિક્ષકો સાથે સંપર્ક કરશે તેમને હેડફોનથી સજ્જ કરાયા છે અને તેમના કોમ્પ્યૂટરમાં શાળાઓ અને શિક્ષકોની માહિતી આપવામાં આવી છે. તેમને શિક્ષકો સાથે જે સંવાદ થશે કે માહિતી મળશે તેનો રેકોર્ડ પણ રાખવામાં આવશે. કર્મચારીઓ હાલના પાઈલોટ પ્રોજેક્ટ થકી દિવસમાં ૫૦૦ જેટલા શિક્ષકો સાથે વાત કરશે અને જ્યારે કંટ્રોલ રૂમ સંપૂર્ણ ક્ષમતા સાથે કામ કરશે ત્યારે ૧૨૦૦થી વધુ ફોન કરવામાં આવશે. તેમને જે ડેટા મળશે તેને શિક્ષણ વિભાગ પોતાના સ્ત્રોત દ્વારા પણ ચકાસશે. શિક્ષકને જરૂર પડે મોબાઈલથી ફોન કરવા છૂટ અપાશે કે કોલ સેન્ટર દ્વારા અપાનારા નંબર ઉપર પણ સામેથી જાણકારી આપી શકશે.

સર્વ શિક્ષા અભિયાન, જીસીઈઆરટી, શિક્ષણ ડાયરેકટર-કમિશનર સહિતના ઉચ્ચ અધિકારીઓમાંથી કોઈપણ એક નિયમિત રીતે આ કવાયત ઉપર ધ્યાન રાખશે એટલું જ નહીં તેના ડેટાનું પણ વિશ્લેષણ કરશે.

## ગાંધીજીનો વિનોદ

॥ ૩૭મો મણકો ॥

### ૯૬ - પરશુરામ તો ભીમ છે

સૌરાષ્ટ્રમાં ગરાસદારોનો પ્રશ્ન ચર્ચાઈ રહ્યો હતો. ત્યારે ત્યાંના કેટલાક ભાઈઓ ગાંધીજીની સલાહ લેવા દિલ્હી પહોંચ્યા. ગાંધીજીની મંડળીમાં મનુબહેન હતાં. તે મહુવાનાં રહીશ છે એ જાણી એક ભાઈ બોલ્યા, બાપુ, અમારા ગોહિલવાડના પ્રતિનિધિ અહીં જ છે, એટલે અમારું કામ એમને સોંપી દઈશું.

ગાંધીજીએ વિનોદ કરતાં કહ્યું, કેમ તમે કંઈ વાણિયાગત તો કરવાના નથી ને ? એ છોકરીને ફોડીને તમારી કરી લેશો તો મારું બુઢ્ઢાનું કોણ ? કાઠિયાવાડીઓનું ભલું પૂછવું, કેમ ?

આખી મંડળી હસવા લાગી. પછી મુલાકાતીઓમાંથી પેલા ભાઈ બોલ્યા, પણ એ બુઢ્ઢાએ એ જ જાદુથી આખા જગતને પોતાનું કરી લીધું છે ને !

150 ગાંધીયાત્રા

### ૯૭ - આશ્રમનો રાજા

સેવાગ્રામમાં ગોશાળાનું સંચાલન બળવંતસિંહ કરતા હતા. મા જેમ પોતાના બાળકની પ્રેમભરી માવજત કરે તેમ બવળંતસિંહ ગોશાળામાં વાછરડાંની માવજત કરતા હતા. ગોશાળામાં એકાદ ગાય વિવાય કે તેના સમાચાર તે ગાંધીજીને આપતા રહે. ગાંધીજીનો ગોપ્રેમ પણ એવો અદ્‌ભૂત કે તેઓ ગોશાળામાં નવા વાછરડાને જુએ ને પંપાળે અને જરૂરી સૂચના પણ બળવંતસિંહને આપે.

એક વાર આશ્રમની ગોશાળામાં ગાયે વાછરડાને જન્મ આપ્યો. બળવંતસિંહે વધાઈના સમાચાર ગાંધીજીને કહ્યા. ગાંધીજીએ હસતાં હસતાં કહ્યું, બળવંતસિંહ, તારો કુટુંબપરિવાર તો વધતો જ જાય છે.

તેમનો પરિચય આપતાં એક વાર ગાંધીજી રાજાજીને કહે, જુઓ મારી સાથે એક રાજા પણ રહે છે. તેનો પરિવારરોજ વધતો જાય છે અને દરરોજ એ રાજાની નવી નવી માગણીઓ મારી સમક્ષ આવતી જાય છે. જુઓ તો ખરા, એમનો ગોપરિવાર કેટલો વધ્યો છે !

આશ્રમના એ રાજા તરફ જોઈ રાજાજી પણ ખૂબ હસ્યા. એક ગોપાલક રાજા અને બીજા વેવાઈ રાજા !



‘ગાંધીજીનો વિનોદ’ પુસ્તકમાંથી સાભાર

## અમેરિકામાં ભારતની ભાવિ પેઢીનો ડંકો
## ‘જ્યોગ્રાફી બી’ સ્પર્ધાના વિજેતા ઈન્ડિયન અમેરિકન સ્ટુડન્ટ્સ

ગાંધીનગર, તા. ૨૩


અમેરિકામાં દર વર્ષે યોજાતી રાષ્ટ્રીય કક્ષાની ‘જ્યોગ્રાફી બી’ સ્પર્ધામાં ફરી એક વાર પ્રથમ ત્રણે વિજેતાઓ તરીકે ઈન્ડિયન અમેરિકન સ્ટુડન્ટ્સ ઘોષિત થયા છે. પ્રથમ વિજેતા તરીકે ડી. સી. જંગા, દ્વિતીય વિજેતા તરીકે આત્રેય મલ્લાના તથા તૃતીય વિજેતા તરીકે રિશી કુમારે સ્થાન મેળવી વતનનું ગૌરવ વધાર્યું છે.

આ સ્પર્ધાના પ્રથમ વિજેતા એવા ટેક્સાસની મિડલ સ્કૂલના ૮મા ધોરણમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી ડી. સી. જંગાને ૨૫ હજાર ડોલરની કોલેજ સ્કોલરશીપ, નેશનલ જિયોગ્રાફીની લાઈફટાઈમ મેમ્બરશિપનો લાભ મળશે. જયારે દ્વિતીય તથા તૃતીય ક્રમે વિજેતા બનેલા આત્રેય મલ્લાના અને રિશી કુમારને અનુક્રમે ૧૦ હજાર તથા ૫ હજાર ડોલરની સ્કોલરશીપ મળશે.

## મહાવીરના ભાલે સૂર્યનું તિલક જોવા ભક્તો ઉમટ્યા

ગાંધીનગર, તા. ૨૩

કોબા ખાતે આવેલા મહાવીર જૈન આરાધના કેન્દ્ર ખાતે વર્ષમાં એક જ વાર થતી અલૌકિક ખગોળિય ઘટના જોવા માટે મોટી સંખ્યામાં ભક્તો ઉમટી પડ્યા હતા. અહીં વર્ષમાં એકવાર થતી ખગોળિય ઘટનામાં સૂર્યના કિરણો બપોરે જિનાલયમાં સ્થાપિત પ્રભુ મહાવીરની પ્રતિમા પર તિલક કરતાં હોય તેવું દ્રશ્ય સર્જાયુ હતું. જિનાલય પ્રશાસન દ્વારા અકિલા ભક્તોને આ ઘટના નિહાળવા વિશેષ વ્યવસ્થા કરાઈ હતી. આ ઘટના ક્લોઝ સર્કિટ કેમેરાથી જોઈ શકાય તેવી પણ વ્યવસ્થા પણ કરાઈ હતી. અહીં જૈનોના ચોવીસમા તીર્થકર શ્રી મહાવીર સ્વામીની શ્વેત અકીલા આરસની પદ્માસન મુદ્રાની ૪૧ ઈંચની પ્રતિમાની પ્રતિષ્ઠા કરાઈ છે. ૨૨મેના રોજ બપોરે ૨ વાગીને ૭ મિનીટે અહીં ભક્તો ભાવપૂર્વક મહાવીર પ્રતિમાને વંદન કરીને ‘ત્રિશલાનંદન વીર કી.. જય બોલો મહાવીર કી...’ ગાન કરતાં હતા. ત્યારે અચાનક ગર્ભગૃહમાં મહાવીરસ્વામીના લલાટ પર સૂર્યકિરણો પથરાતાં દેરાસર ઘંટારવથી ગાજી ઊઠ્યું હતું. સ્વયં સૂર્યદેવ મહાવીરસ્વામી પ્રભુની પ્રતિમા પર તિલક કરતાં હોય એવું



એક અલૌકિક દ્રશ્ય રચાયું હતું. જે સુર્યતિલક તરીકે ઓળખાય છે. આ અદભુત સૂર્યતિલકની ઘટના ગુરુસ્મૃતિ અને ગુરુભકિતનું અજોડ પ્રતીક બની છે.

છેલ્લાં ૩૩ વર્ષથી અદભૂત સુર્યતિલક કોબાના જૈન મંદિરમાં ૨૨ મેના દિવસે જોવા મળે છે. પહેલીવાર ૧૯૮૭ના વર્ષે આ ઘટના બની હતી. તેના બાદ દર વર્ષે ૨૨ મેના રોજ બપોરે ૨ વાગીને ૭ મિનીટે મહાવીર સ્વામીના ભાલ પર સૂર્યતિલક દેખાય છે. ૩થી ૪ મિનીટ સુધી ભક્તોને આ નજારો માણવા મળે છે, જે જોઈને તેઓ ધન્યતા અનુભવે છે. અહીં ઘણીવાર એવા ચમત્કાર પણ સર્જાયા છે, વાદળો ઘેરાયા હોય, તો પણ આ સમયે સૂર્ય દેખાઈને સૂર્યતિલક સર્જાય છે.

# બોર્ડનું ધો. ૧૦નું પરિણામ કેટલા ટકા ?

ગુજરાત સેકન્ડરી એજન્યુકેશન બોર્ડ દ્વારા માર્ચ મહિનામાં લેવામાં આવેલી પરિણામો મંગળવારે જાહેર થયા હતા. બોર્ડની યાદીમાં કુલ પરિણામ ૬૬.૯૭ ટકા આવ્યુ હોવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. બોર્ડ પરીક્ષા આપનાર કુલ વિદ્યાર્થીઓની સંખ્યા ૮૨૨૮૨૩ બતાવવામાં આવી છે જે ખરેખર વાલીઓને ગુમરાહ કરનારૂ હોવાનો સેન્ટર ફોર કલ્ચર એન્ડ ડેવલપમેન્ટ, વડોદરાના રિસર્ચ કન્સલ્ટન્ટ ડૉ. જયેશ શાહે આક્ષેપ કરીને કેટલાક ચોંકાવનારો સવાલ ઉભા કર્યો હતા. જાણીતા અખબારમાં પ્રકાશિત તેમની કેફિયત મુજબ બોર્ડ નાપાસ થયેલા વિદ્યાર્થીઓ ફરીથી પરીક્ષા આપે તેમની વિદ્યાર્થી તરીકે ગણતરી કેમ નથી કરતું? ખરેખર તો નિયમિત પરીક્ષા આપનાર વિદ્યાર્થીઓની સંખ્યા ૮૨૨૮૨૩, અગાઉ નિષ્ફળ ગયેલ પરંતુ જેને ફરી પરીક્ષા આપી છે એવા ૨૫૨૭૩૬, ખાનગી તથા એક્ષટર્નલ તરીકે પરીક્ષા આપનાર ૨૪૯૫૫ઓ જોવામાં આવે તો પરીક્ષા આપનાર કુલ વિદ્યાર્થીઓની સંખ્યા ૧૧૦૦૫૧૪ થાય છે.

આવા કુલ ૧૧૦૦૫૧૪ વિદ્યાર્થીઓમાંથી ૫૯૭૧૦૧ વિદ્યાર્થીઓ પાસ થયા છે એટલે કે હકીકતમાં ધોરણ દસનું કુલ પરિણામ ૫૪.૩ ટકા જ આવ્યું છે. કુલ ૫૦૩૪૧૩ વિદ્યાર્થીઓ ધોરણ દસની પરીક્ષા પાસ કરવામાં નિષ્ફળ નીવડ્યા હોવાનો તેમણે ગણતરી કર્યા પછી દાવો કર્યો હતો.

તેમણે સવાલ ઉઠાવતાં કહ્યુ હતુ કે, હકીકતમાં બોર્ડે નિયમિત રીતે જેને પરીક્ષા આપી છે તેવા વિદ્યાર્થીઓનું પરિણામ ૬૬.૯૭ ટકા છે તેને જ કુલ પરિણામ તરીકે દર્શાવી દીધું છે. આમ કરીને રીપીટર એટલે કે અગાઉ નિષ્ફળ ગયેલ પરંતુ જેને ફરી પરીક્ષા આપી છે એવા વિદ્યાર્થીઓનું પરિણામ માત્ર ૧૭.૨૩ ટકા આવ્યું છે અને જેઓએ ખાનગી તથા એક્ષટર્નલ તરીકે પરીક્ષા આપી છે તેમનું પરિણામ માત્ર ૧૦.૧૩ ટકા આવ્યું છે તે હકીકતને ગુજરાત સેકન્ડરી એજ્યુકેશન બોર્ડ છુપાવી રહ્યું છે. શું બોર્ડ રીપીટર વિદ્યાર્થીઓ (૨,૫૨,૭૩૬) અને ખાનગી તથા એક્ષટર્નલ વિદ્યાર્થીઓ (૨૪,૯૫૫)ને બોર્ડ તેમના વિદ્યાર્થીઓ નથી ગણતા ? પરિણામની જાહેરાતમાં તેમનો કેમ સમાવેશ ન કર્યો ?

શિક્ષણ નીતિના ઘડવૈયાઓ, શિક્ષણશાસ્ત્રીઓ અને સમાજશાસ્ત્રીઓ માટે એક પડકાર સમાન ધોરણ દસનું પરિણામ ગુણવત્તાની દ્રષ્ટિએ નબળું પડી રહ્યું હોવાનો ઉલ્લેખ કરતાં તેણે છેલ્લા દસ વર્ષના પરિણામોનુ વિશ્લેષણ કર્યુ હતુ. તેમણે જણાવ્યુ હતુ કે, છેલ્લા દસ વર્ષ (૨૦૧૦-૨૦૧૯)માં ૧૦૦૧૩૭૫૫ (લગભગ એક કરોડ) વિદ્યાર્થીઓએ ધોરણ દસની બોર્ડની પરીક્ષા આપી હતી તેમાંથી ૪૦૭૦૨૯૯ વિદ્યાર્થીઓ એટલે કે છેલ્લા દસ વર્ષમાં સરેરાશ ૪૦.૬ ટકા વિદ્યાર્થીઓ નાપાસ થયા છે. ધોરણ દસનું પરિણામ ૨૦૧૧થી સતત ઘટતું રહ્યું છે. ૨૦૧૧માં ૭૧.૦૬ ટકા વિદ્યાર્થીઓ પાસ થયા હતા જયારે ૨૦૧૭માં માત્ર ૫૨.૦૭ ટકા અને ૨૦૧૮માં ૫૩.૫ ટકા જ પાસ થયા હતા. એનો અર્થ એવો થયો કે ૨૦૧૧માં માત્ર ૨૮.૯૪ ટકા વિદ્યાર્થીઓ નાપાસ થયા હતા જયારે ૨૦૧૭માં નાપાસ વિદ્યાર્થીઓ ૪૭.૯૩ટકા, ૨૦૧૮માં ૪૬.૫ ટકા અને ૨૦૧૯માં ૪૫.૭ ટકા થઈ ગયા.

છેલ્લા દસ વર્ષમાં જે વિદ્યાર્થીઓ રીપીટર વિદ્યાર્થી તરીકે ધોરણ દસની પરીક્ષા આપે છે તેમનું પરિણામ બહુ જ નબળું આવે છે. ૨૦૦૯માં રીપીટર વિદ્યાર્થીઓ માત્ર ૨૫.૬૦ ટકા જ પાસ થયા હતા જયારે ૬૩.૬૭ ટકા નિયમિત વિદ્યાર્થીઓ પાસ થયા હતા. ૨૦૧૭માં માત્ર ૧૩.૫૪ ટકા રીપીટર વિદ્યાર્થીઓ પાસ થયા હતા જયારે ૬૮.૨૪ ટકા નિયમિત વિદ્યાર્થીઓ પાસ થયા હતા. ૨૦૧૮માં માત્ર ૧૪.૨ ટકા રીપીટર વિદ્યાર્થીઓ પાસ થયા જયારે ૬૭.૫ ટકા નિયમિત વિદ્યાર્થીઓ પાસ થયા હતા. ૨૦૧૯માં માત્ર ૧૭.૨૩ ટકા રીપીટર વિદ્યાર્થીઓ પાસ થયા છે જયારે ૬૬.૯૭ ટકા નિયમિત વિદ્યાર્થીઓ પાસ થયા હતા.

પરિણામો અંગે ગુજરાતના ચાર શહેરોનું વિશ્લેષણ કરતા તેમણે જમાવ્યુ હતુ કે, માત્ર ૦૩.૪ ટકા વિદ્યાર્થીઓ જ ૮૧ ટકા કે તેથી વધારે અને માત્ર ૦૯.૮ ટકા વિદ્યાર્થીઓ જ ૭૧ ટકા કે તેથી વધારે માર્ક્સ મેળવવામાં સફળ થયા છે.

A1 (૪,૯૭૪) અને A2 (૩૨,૩૭૫) એટલે કે જેના ૮૧%થી વધારે માર્ક્સ આવ્યા છે તેવા વિદ્યાર્થીઓ માત્ર ૩૭,૩૪૯ એટલે કે માત્ર ૦૩.૪ ટકા જ છે જે ગયા વર્ષે ૦૫.૧૧ ટકા હતાં. ᗰ૧ એટલે કે જેના ૭૧ ટકા થી ૮૦ ટકાની વચ્ચે માર્ક્સ આવ્યા છે તેઓની સંખ્યા ૭૦,૬૭૭ એટલે કે ૦૬.૪ ટકા જ છે જે ગયા વર્ષે ૦૯.૨ ટકા હતાં. એનો મતલબ એમ થયો કે માત્ર ૦૯.૮ ટકા એટલે કે ૧૧૦૦૫૧૪ વિદ્યાર્થીઓમાંથી માત્ર ૧૦૮૦૨૬ વિદ્યાર્થીઓ જ ૭૧ ટકા કે તેથી વધારે માર્ક્સ મેળવવામાં સફળ થયા છે. આ પરિણામની વિશ્લેષણ એવું સૂચવે છે કે આગળ ધોરણ ૧૧ અને ૧૨માં અભ્યાસ કરીને ઉચ્ચ અભ્યાસ માટે આગળ વધી શકે એવા વિદ્યાર્થીઓ સમગ્ર ગુજરાતમાં તો માત્ર ૧૦.૮ ટકા જ છે. આ જ વિશ્લેષણ શહેરોનું કરીએ તો અમદાવાદ ૧૬.૬૫ ટકા, વડોદરા ૧૩.૯૦ ટકા, સુરત ૨૦.૯૩ ટકા અને રાજકોટમાં આ સરેરાશ માત્ર ૨૩.૭૨ ટકા ની છે.

ગુજરાતમાં કુલ બાળકોના ૪૮ ટકાથી વધારે છોકરીઓ હોવા છતાં સરેરાશ ૩૮ ટકા છોકરીઓ જ ધોરણ દસ સુધી પહોંચતી હોવાનું જણાવતા તેમણે ઉમેર્યુ હતુ કે, છોકરાઓ કરતા છોકરીઓનું પરિણામ સરેરાશ ૧૦ ટકા થી ૧૨ ટકા વધારે આવે છે પરંતુ છોકરીઓનું પરિણામ છોકરાઓ કરતા વધારે સારું આવવા છતાં ધોરણ દસની પરીક્ષામાં છોકરીઓનું પ્રમાણ ખુબ ઓછું છે. સરેરાશ ૩૭ ટકા છોકરીઓ ધોરણ દસની પરીક્ષા આપે છે. ગુજરાતમાં કુલ બાળકોમાંથી સરેરાશ ૪૮ ટકા છોકરીઓ છે અને ૫૨ ટકા છોકરાઓ છે. ગુજરાતમાં કુલ બાળકોના ૪૮ ટકા થી વધારે છોકરીઓ હોવા છતાં માત્ર ૩૮.૬ ટકા છોકરીઓ ધોરણ દસની પરીક્ષા આપે છે. એટલે કે સરેરાશ ૧૦ ટકા છોકરીઓ ધોરણ દસ સુધી પહોંચતી નથી જે ખરેખર ખુબ જ ગંભીર બાબત છે. “બેટી પઢાવો” અભિયાનની કોઈ અસર ધોરણ દસના આંકડાઓમાં દેખાતી નથી.

તેમણે ઉમેર્યુ હતુ કે, કેટલાંક વર્ષોથી બોર્ડ દ્વારા માર્કશીટમાં “પર્સન્ટાઈલ રેન્ક”ની લોલીપોપ આપવામાં આવે છે જેનાથી વાલીઓ પોતાના બાળકનું સાચું પરિણામ બતાવવાને બદલે તેનું “પર્સન્ટાઈલ રેન્ક”માં જે પરિણામ આપવામાં આવે છે તે કહીને ગૌરવ અનુભવે છે. હકીકતમાં “પર્સન્ટાઈલ રેન્ક” એ આંકડાકીય ગણતરીઓ દ્વારા વાલીઓ માટે ઉભી કરેલી આભાસી ભ્રમણા જ છે.